# ઋણ સ્વીકાર

કોઈપણ સત્કાર્ય પાછળ માત્ર એક જ વ્યક્તિનો પુરુષાર્થ હોય એમ તો કયારેય માની ના શકાય. અનુકૂળ સંજોગો, અધ્યયનશીલ અધ્યાપકનું માર્ગદર્શન, પરિવારના સભ્યોનું પ્રોત્સાહન, સંદર્ભ સામગ્રીની પ્રાપ્તિ ઉપરાંત સ્વાધ્યાયશીલ સ્નેહીઓનો સહયોગ એમ વિવિધ પરિબળો એક સાથે જ આપણને કોઈ ઉમદા પ્રવૃત્તિ કરવા પ્રેરે છે.

કથાસાહિત્ય એ મારું સૌથી પ્રિય સ્વરૂપ રહ્યું છે. પ્રસ્તુત મહાશોધ નિબંધનો વિષય "ભારતીય નવલકથામાં નારી" (વિભિન્ન ભારતીય ભાષાઓની પસંદ કરેલી કેટલીક નવલકથાના સંદર્ભે) પસંદ કરેલો. સૌપ્રથમ મને મારા આ મહાશોધ નિબંધના અભ્યાસ દરમિયાન જેમનું હંમેશા માર્ગદર્શન અને હૂંફ મળ્યાં છે તે શ્રી પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ ધોરાજીના પ્રિન્સિપાલ ડૉ. નયનાબેન અંટાળાનો ખૂબ જ આભાર માની અંતઃકરણપૂર્વક નમન કરું છું. એ જ રીતે ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના અન્ય વિદ્વાન અધ્યાપકો ગુરુજનો ડૉ. નીતિન વડગામા, ડૉ. બિપિન આશર વગેરેએ પણ મને વારંવાર માર્ગદર્શન આપ્યું છે. એ સૌને આ પળે હું કૃતજ્ઞભાવે યાદ કરું છું.

મને અહીં સુધી પહોંચાડવામાં સતત જેનો સાથ–સહકાર અને સ્નેહ પ્રાપ્ત થયો છે એવા ગોંડલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના ગુજરાતી વિભાગનાં પ્રાધ્યાપક શ્રી અનુપમા કે. પંડ્યાનો આ તકે હું આદરપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સંદર્ભગ્રંથોની સુવિધા ઉપલબ્ધ કરી આપવા માટે એમ.બી.આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ગોંડલના લાઈબ્રેરીયન મનીષભાઈ બૂચનો પણ આભાર માનું છું.

મારા આ સંશોધનકાર્યમાં મને જ્યારે જ્યારે મુશ્કેલીઓ પડેલી છે ત્યારે જેમની સતત માહિતી અને માર્ગદર્શન મળતાં રહ્યાં છે તેવા આંકડાશાસ્ત્ર ભવનના પ્રાધ્યાપક ડૉ. ગીરિશભાઈ ભીમાણીનો આ તકે હું ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ

ઉપરાંત એમ.એસ.યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. ભરત મહેતા, ગુજરાતી સાહિત્ય પરિષદના લાઈબ્રેરીયન ગંગારામ વાઘેલા જેઓએ પુસ્તકો મેળવી આપવામાં મને મદદ કરેલી. ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ પ્રાધ્યાપક ડૉ. ચન્દ્રકાન્ત શેઠ વગેરેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

કોઈપણ સ્વાધ્યાય કાર્યમાં પરિવારના સભ્યોનું પ્રોત્સાહન અને લાગણીનો મોટો ફાળો રહેતો હોય છે અને મારા પરિવારે મને એ વાતાવરણ પૂરું પાડ્યું છે. મારા આ ભગીરથ કાર્યમાં સતત મારા પડછાયાની જેમ મારી સાથે રહીને મને પ્રોત્સાહન પૂરું પાડનાર મારા પતિ ઍડ્વોકેટ નીરજ કોટડિયાનો હું હૃદયથી આભાર વ્યક્ત કરું છું જેમનો સાથ, સહકાર અને આશીર્વાદ મારા પર છે તેવા પિતાતુલ્ય કાકાજી સસરા કિશોરભાઈ કોટડિયાનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ ઉપરાંત મારા સસરા પક્ષના તમામ નાના–મોટા સભ્યો અને સતત પ્રેમ, હૂંફ અને અભ્યાસ માટે પ્રોત્સાહન પૂરું પાડનાર મારા પિતા દિનેશભાઈ ઠુંમર, માતા મધુબેન ઠુંમર, ભાઈ રાહુલ ઠુંમર અને ભાભી કિંજલ ઠુંમરનો આ તકે હું આભાર વ્યક્ત કરું છું.

મને મદદરૂપ થનાર લાઈબ્રેરીઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરી લૅંગ લાઈબ્રેરી, એમ.બી.આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજની લાઈબ્રેરી ગુજરાત સાહિત્ય પરિષદની લાઈબ્રેરીના ગ્રંથો મને મદદરૂપ થયાં અને મારું આ કાર્ય સરળ બની ગયું. એ બદલ આ બધાનો આભાર વ્યક્ત કરું છું. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય– અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન–અમદાવાદ, પ્રવીણ પ્રકાશન–રાજકોટ, મિહિર પ્રકાશન–રાજકોટ, આર.આર.શેઠ અમદાવાદ, ઈમેજ પબ્લિકેશન–અમદાવાદ, રન્નાદે પ્રકાશન–અમદાવાદ, રાજકમલ પ્રકાશન–ન્યૂ દિલ્હી, સામયિક પ્રકાશન–ન્યૂ દિલ્હી, રાધાકૃષ્ણ પ્રકાશન–ન્યૂ દિલ્હી, સાહિત્ય પરિષદ–અમદાવાદ વગેરે એ ઘરબેઠા ગ્રંથો મોકલાવી મારા આ કાર્યને સરળ કરી આપ્યું છે તે બદલ એમની હું ઋણી છું.

અંતે મારા આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને મદદ કરનારા મારા સૌ સાથી મિત્રો તેમજ આ મહાશોધનિબંધને સમયસર અને સુંદર કોમ્પ્યુટરાઈઝ કરી આપનાર શ્રી જિતેન્દ્રભાઈ ઘેટિયાનો આભાર વ્યક્ત કરું છું.

આ બધા જ લોકોની મદદથી જ મારું આ કાર્ય સફળ થયું છે તે બદલ સર્વેને વંદન કરું છું.

**તા. / /૨૦૧૭** — ઠુંમર હેતલ

**સ્થળ : રાજકોટ**